દીનાનાથ તમે મારી રક્ષા કરો, મમ મસ્તક પર તવ હસ્ત ધરો, હરિ હૈયા તણો સહુ મેલ હરો, સદ્‌વિચાર અને સદ્‌ભાવ ભરો.

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૨૬ | ૨૫ ઓક્ટોબર, ૨૦૨૦, રવિવાર; નિ. આસો સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# એશિયાના સૌથી મોટા ગિરનાર રોપ-વેનું લોકાર્પણ

**આ ત્રણેય પ્રોજેક્ટ શક્તિ,ભક્તિ અને સ્વાસ્થ્યનું પ્રતિક છે : ગુજરાતના અનેક સ્થળોમાં દુનિયાના મોટા ટુરિસ્ટ ડેસ્ટિનેશન બનવાની શક્યતા છેઃ મોદી**



અમદાવાદ,તા.૨૪

એશિયાનો સૌથી મોટા રોપવે ગિરનાર રોપવેનું ઈ-લોકાર્પણ પીએમ નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવ્યું છે. ગિરનાર રોપવેના ઈ-લોકાર્પણ કાર્યક્રમમાં સીએમ વિજય રૂપાણી સહિત અન્ય મંત્રીઓ જૂનાગઢમાં ઉપસ્થિત છે. પીએમ નરેન્દ્ર મોદીના હસ્તે ગિરનાર રોપવેનું ઈ-લોકાર્પણ સાથે સાથે કિસાન સૂર્યોદય યોજનાને પણ શરૂ કરવામાં આવી છે. રોપવે દ્વારા ૨.૩ કિલોમીટરનુ અંતર માત્ર ૮ મિનિટમાં કાપવામાં આવશે. ઉષા બ્રેકો કંપની દ્વારા ૧૩૦ કરોડના ખર્ચે ગિરનાર રોપવે પ્રોજેક્ટ બનાવવામાં આવ્યો છે. મહત્ત્વનું છે કે ગિરનાર રોપવેને લઈને સૌથી

● અનુસંધાન પાન-૭ પર

- **વડાપ્રધાન મોદીએ એશિયાના સૌથી મોટા ગિરનાર રોપ-વે, ૪૭૦ કરોડના ખર્ચે ૮૫૦ બેડ સાથે સજ્જ બાળકોની હૃદયરોગ હોસ્પિટલ તથા કિસાન સૂર્યોદય યોજનાનું વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું**
- **વડાપ્રધાને ખેડૂતોને 'પર ડ્રોપ, મોર ક્રોપ' મંત્ર આપ્યો, સૂર્યોદય યોજના ગુજરાતના ખેડૂતો માટે પાયાનો પત્થર સાબિત થશે,આ યોજનાથી ગુજરાત નવી પહેલ સાથે આગળ વધશે, ગુજરાત હંમેશાથી અસાધારણ સામર્થ્યવાળા લોકોની ભૂમિ રહી છે**
- **જૂનાગઢના ગિરનાર રોપવેની ૨.૩ કિલોમીટરની લંબાઈ, તળેટીથી અંબાજી સુધી ૮ મિનિટમાં પહોંચી શકાશે**
- **બે દાયકામાં ગુજરાતે આરોગ્ય ક્ષેત્રમાં અભૂતપૂર્વ કામ કર્યું**

## લોન મોરેટોરિયમ ગાળામાં વ્યાજ પર વ્યાજની ચુકવણી કેન્દ્ર કરશે

**લોન પર વ્યાજની છૂટ અંગે સરકારની માર્ગદર્શિકા જાહેર : તફાવતની રકમ એકાઉન્ટમાં પરત આવશે : જે લોન ધારકો પર ૨૯ ફેબ્રુઆરી સુધી બે કરોડથી વધારે ઋણ નથી તેઓ યોજનાનો લાભ લેવા માટે યોગ્ય ગણાશે**

નવી દિલ્હી,તા.૨૪

નાણા મંત્રાલયે લોન મોરેટોરિયમ સાથે જોડાયેલા વ્યાજમાં છૂટ આપવા અંગે ગાઈડલાઈન જાહેર કરી છે. કોવિડ ૧૯ના સંકટને કારણે ભારતીય રિઝર્વ બેંક તરફથી લોન લેનાર લોકોને હત્યા ચૂકવવામાં સમય આપવામાં આવ્યો હતો. આ માટે મોરેટોરિયમની જાહેરાત કરવામાં આવી હતી. જોકે, લોન મોરેટોરિયમ સમયગાળો પૂર્ણ થયા બાદ બેંકોને મોરેટોરિયમ સમયગાળા દરમિયાનનું વ્યાજ મૂળ રકમમાં જોડી દીધું હતું. જે બાદમાં ગ્રાહકોએ વ્યાજ પર વ્યાજ ચૂકવવું પડી રહ્યું છે. સરકારની જાહેરાત પ્રમાણે બે કરોડ રૂપિયા સુધીની લોન માટે છ મહિના સુધીની આપવામાં આવેલી છૂટ પર વ્યાજ પરના વ્યાજ અને સામાન્ય વ્યાજ પરનો તફાવત સરકાર ભોગવશે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને બે કરોડ રૂપિયા સુધીની લોન પર વ્યાજના વ્યાજ પર આપવામાં આવેલી છૂટનો લાભ ગ્રાહકોને ઝડપથી આપવાનો આદેશ આપ્યો હતો. જે બાદમાં સરકારે આ માટે નિર્દેશ બહાર પાડ્યા છે. નાણકીય સેવા વિભાગ તરફથી જાહેર કરવામાં આવેલા દિશાનિર્દેશ પ્રમાણે લોન ધારકો આ યોજનાનો લાભ લઈ શકે છે. આ લાભ પહેલી માર્ચ, ૨૦૨૦થી ૩૧ ઓગસ્ટ, ૨૦૨૦ માટે રહેશે. જે પ્રમાણે જે લોન ધારકો પર ૨૯ ફેબ્રુઆરી સુધી બે કરોડથી વધારે ઋણ નથી, તેઓ આ યોજનાનો લાભ લેવા માટે યોગ્ય ગણાશે.







## છેલ્લે... છેલ્લે...

- એશીયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ વિજેતા સરિતા ગાયકવાડની ડીવાયએસપી તરીકે નિમણુંક
- સ્વદેશી વેક્સિન જૂન સુધી લોંચ થઈ શકે છે : ભારત બાયોટેક
- મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ફડણવીસ કોરોના પોઝિટિવ
- ચૂંટણી જીતીશ તો કોરોના વેક્સીન મફત આપીશઃ જો બિડેન
- આર્મી કેન્ટીનમાં દારુ સહિત ઇમ્પોર્ટેડ સામાન વેચવા પર પ્રતિબંધ
- બાડમેરમાંથી પાકિસ્તાની જાસૂસ ઝડપાયો
- સેનાએ જમ્મૂ-કાશ્મીરમાં પાકિસ્તાન ક્વાડકોપ્ટરને તોડી પાડ્યું
- મિઝોરમમાં કોરોના વકરતા સરકારે શાળાઓ બંધ કરી
- આઇટી રિટર્ન ભરવાની તારીખ ૩૧ ડિસેમ્બર,૨૦૨૦ સુધી લંબાવાઈ







